નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાની સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩)ની જગ્યાઓની રીવાઈઝ કેડર સ્ટ્રેન્થ બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ **SJED/EOD/e-file/17/2023/1917/A** ,

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૮/૨૦૨૩

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩/૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ આરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૨૧)/આર

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૧૦/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૧૨૦૨૦/૨૯૧૧૧૭/અ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૫/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:**SJED/EOD/e-file/17/2023/0259/A**

(૪) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૨/૦૬/૨૦૨૩નો પત્ર ક્રમાંક:વિજાક/મકમ/૨૦૨૩-૨૪/૬૮૭

<u>આમુખ:-</u>

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના સામાન્ય વહીવટ વિભાગના તા.૩/૨/૨૦૧૪ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની જગ્યાઓની ભરતી કરવા સારૂ વિવિધ સંવર્ગોની જગ્યાઓની સમીક્ષા કરી ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ ના ઠરાવથી સમાજ કલ્યાણ નિરીક્ષક, વર્ગ-૩ની કુલ કેડર સ્ટ્રેન્થ ૧૭૭ નક્કી કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના તા.૧૮/૦૫/૨૦૨૩ના ઠરાવથીરાજ્યના ૧૦ તાલુકાઓમાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની તાલુકા કક્ષાની યોજનાકીય તેમજ ક્ષેત્રીય કામગીરીને પહોંચી વળવા માટે સમાજ કલ્યાણ નિરીક્ષક(વિ.જા.) વર્ગ-૩ સંવર્ગની ૧૦૮ જગ્યાઓ ઉભી કરવા વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ વંચાણે લીધા ક્રમાંક (૪) ના પત્રથીનવી મંજૂર થયેલ ૧૦૮ સમાજ કલ્યાણ નિરીક્ષકની જગ્યાઓનો કેડર સ્ટ્રેન્થમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જે વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાના અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની હાલની મંજૂર થયેલ ૧૭૭ સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩)ની જગ્યાઓમાં ૧૦૮ જગ્યાઓનો સમાવેશ કરી, સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩) સંવર્ગની કુલ કેડર સ્ટ્રેન્થ ૨૮૫ નક્કી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩) સંવર્ગના ભરતી નિયમોમાં સીધી ભરતી:બઢતીનો રેશિયો ૩:૨ હોઇ સીધી ભરતીના ફાળે ૧૭૧ જગ્યાઓ અને બઢતીના ફાળે ૧૧૪ જગ્યાઓ નિયત કરવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૦/૦૭/૨૦૨૩ની નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Sign
Signed by: Kalpanaben Vipulkumar Rana
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Aug-2023 (04:27 PM)

(કલ્પના રાણા)

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય, ગાંધીનગર
2. માન. રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
5. સેકશન અધિકારીશ્રી ('ઝ.૧' શાખા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
8. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ)
9. શાખા સિલેકટ ફાઈલ.

Sign

Signed by: Kalpanaben Vipulkumar Rana
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Aug-2023 (04:27 PM)

File No: SJED/EOD/e-file/17/2023/1917/A Section
Approved By: Sunaina Tomar(ACS,Secretary Office,SJED)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign